# રાંતેજ ગામના લેખો.

## (૪૬૧-૪૬૮)

વડોદરા રાજ્યના કડી પ્રાંતમાં રાંતેજ કરીને એક ન્હાનું સરખું ગામ છે. એ ગામમાં એક જૂનું જૈનમંદિર છે ત્યાંથી આ આઠ લેખો મળી આવ્યા છે. તેમાં પ્રથમના બે લેખો તો, મુખ્ય મંદિરની આજુ બાજુ ફરતી જે દેવકુલિકાઓ છે તેમાંની એકમાં, ગૃહસ્થોની—શ્રાવક શ્રાવિકાઓની—મૂર્તિઓ નીચે કોતરેલા છે. આ મૂર્તિઓ કોઇ મહં. વિજય નામના પુરૂષે પોતાના કુટુંબીઓની મૂર્તિઓ સાથે સં. ૧૩૦૯ માં બનાવરાવી હતી. મૂર્તિઓના નામોનો પરસ્પર સંબંધ આ પ્રમાણે જણાય છે:—

| ઠ. અજયસિંહ | સોમ | મહં. રાણિગદેવ | સંગ્રાહસિંહ. |
| --- | --- | --- | --- |
| ( તેની સ્ત્રી ) | ( તેની સ્ત્રી ) | ( સ્ત્રી—રત્નણાદેવી ) | ( તેની સ્ત્રી ) |

મહં. રાણિગદેવના પુત્રો:

| મદન | સલખણસિંહ. | મહં. વિજય. | દેવસિંહ |
| --- | --- | --- | --- |
| (સ્ત્રી સાથે) | (સ્ત્રી સાથે) | (સ્ત્રી સુહડાદેવી) | (સ્ત્રી સાથે) |

મહં. વિજય → ચાણાક્ય.

બાકીના ૬ લેખો, એક ન્હાનું સરખું ભોંયરૂં છે તેમાં જે ઘણાક જૂના પરિકરો અને કાઉસગિઆઓ ભરી રાખેલા છે તેમના ઉપરના છે. એ ઠેકાણે આવા બીજા પણ ઘણા લેખો છે અને કેટલાક તો બહુ જૂના પણ છે. પરંતુ તે બધાને લેવાની તે વખતે બરાબર સવડ ન હોવાથી હું તે લઇ શકયો નથી.

લેખોમાંની હકીકત સ્પષ્ટજ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org